|| ૐ શ્રી સાઈરામ ||

## ||ૐ શ્રી સાઈ શરણાગતત્રાણાય નમઃ || (૩૫)

## શરણે આવેલાઓ (શરણાગતો) નું રક્ષણ કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

શરણાગત એટલે શરણે આવેલા અને ત્રાણ એટલે રક્ષણ. પરંતુ શરણાગત કોને કહેવું? જે ભક્ત પોતાનો દેહ, હૃદય, આત્મા દિવ્ય સ્વામીના ચરણકમળો પર અર્પણ કરે છે તેને શરણાગત કહેવું. ઈશ્વરના આ પૂર્વેના જે અવતાર થયા, તેમણે બધાએ હંમેશાં શરણાગતોનું રક્ષણ કર્યું છે.

ભગવાને જ્યારે પ્રભુ રામચંદ્રનો અવતાર ધારણ કર્યો, ત્યારે તેમણે કહ્યું -"જો કોઈ પ્રમાણિક અંતઃકરણથી મારે શરણ આવશે, તેનો હું સ્વીકાર કરીશ. પછી તેનું પૂર્વાયુષ્ય ગમે તેટલું પાપયુક્ત કેમ ન હોય.'

શ્રી કૃષ્ણએ તેમના અવતારમાં કહ્યું છે કે – 'મામેકં શરણં વ્રજ|' એટલે મારે શરણે આવ, હું તને આ ભવસાગરમાંથી તારીશ અને મુક્ત કરીશ. (મુક્તિ આપીશ).

શિરડી અવતારમાં સાઈનાથ કહેતા - 'મારું શરણ જેણે લીધું છે તે કોઈનું જીવન એળે ગયું? બતાવો બતાવો એવો કોઈ એટલે મને સંપૂર્ણપણે શરણાગત આવેલાને ભવસાગરમાંથી તારીને કિનારે લઈ જવાનું કામ હું કરીશ. એટલું જ નહીં, પણ સાઈનાથ મહારાજનું બીજું એક વચન છે - "ભાર તમારો વહીશ હું સદા, ન ટળે બિરૂદ (વચન) મારું તે કહીં!"

સાંપ્રતના શ્રી સત્યસાઈ અવતારમાં સ્વામી કહે છે કે - "શરણાગત થાઓ અને પોતાને તારો." આ વિધાન સાર્થક કરનારી એક સુંદર કથા:

કુપુસ્વામી નામનો સ્વામીનો એક બાલમિત્ર હતો. સ્વામી સાથે તેમના જ વર્ગમાં ભણતો હતો. બન્ને વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા હતી. સ્વામી જ્યાં જાય ત્યાં કુપુસ્વામી તેમની સાથે જતા. એકવાર આમ જ વાતચીત કરતા કરતા કુપુસ્વામીએ ભગવાન બાબાને કહ્યું -"સ્વામી, અમે તમારા ભક્તો તમને એટલો પ્રેમ કરીએ છીએ કે, સમય આવતા અમે તમારા માટે પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર છીએ. તેમને વચ્ચે જ રોકતા સ્વામી બોલ્યા-" તું તારા પૂરતું બોલ. બીજા બધા વતી તું કેમ ખાતરી આપે છે?"

ત્યાર પછી એક દિવસ સ્વામી તેમના મિત્રો સાથે ફરતા ફરતા દર એક જંગલમાં પ્રવેશ્યા. અચાનક સ્વામીએ ઈશારાથી બધાને ચૂપ કરીને સાવધ કર્યા અને બોલ્યા-" પેલો જુઓ એક ભયંકર

(ભયાનક) વાઘ આપણી દિશામાં જ આવે છે, તેથી તમે બધા અહીંયાંથી ભાગી જાઓ. વાઘ મને પણ તેનું લક્ષ્ય (ભોજન) બનાવશે. એટલે જલ્દી ભાગો. ”

તે ભયંકર વાઘને જોતાં જ બધા પાછલા પગે નાસી છૂટયા. ફક્ત કુપુસ્વામી અને અન્ય બે જણ ત્યાં જ ઊભા રહ્યા. કુપુસ્વામીએ સ્વામીનાં ચરણ પકડી લીધા અને આંખો બંધ કરી લીધી. થોડી જ વારમાં કુપુસ્વામીને ભગવાન બાબાએ ઉચ્ચારેલા શબ્દ સંભળાયા-“ હવે તું પાછો જઈ શકે છે. આ સાંભળતાં જ વાઘ પાછો જતો રહ્યો.

સ્વામીએ કુપુસ્વામીને ઉઠાડતાં પૂછ્યું – “ અરે તું હજુ અહીં જ છે? તું કેમ ન ભાગ્યો? અને બાકીના તારા મિત્ર ક્યાં છે? જેમની ભક્તિનું તું આશ્વાસન દેતો હતો?" કુપુસ્વામી બોલ્યા-“સ્વામી, જ્યાં તમે હશો, ત્યાં જ મારું રક્ષણ થશે.”

આવી કુમુસ્વામીની ભગવાન બાબા ઉપરની ભક્તિ અને શરણાગતિ હંમેશાં દઢ રહી. ૧૯૭૬ ની સાલમાં કુપુસ્વામી ઉપર અસાધ્ય બીમારી આવી. ડૉક્ટરોએ તપાસણી કરતા કહ્યું કે-‘ બ્લડ કેન્સર છે. આ અસાધ્ય બીમારીથી અશક્ત થયેલા કુમુસ્વામી ભગવાન બાબાના દર્શન માટે ગયા ત્યારે સ્વામીને મળ્યા પછી તેમનું મન હલકું કરતા તે બોલ્યા-“સ્વામી, આ જન્મમાં મેં કોઈ પાપકર્યા નથી એવી મને ખાતરી છે. તે છતાં આ બીમારી જો મારો ભોગ લેશે તો હું તમારા ચરણે પ્રાણ છોડવાનું પસંદ કરીશ.” આ સાંભળતા જ સ્વામી અધિકારવાણીથી બોલ્યા- “ હું આ વિશ્વમાં તને મારી સાથે (તે જ જન્મદિવસે) લાવ્યો, તે શું તને મારવા માટે? આજથી તારું બ્લડ કેન્સર કેન્સલ કર્યું છે.અને તે જ ક્ષણથી પુસ્વામી વ્યાધિમુક્ત થયા.

આ શક્ય થયું તે બાળપણથી ઉપસ્વામીની ભગવાન બાબા ઉપરની અતૂટ શ્રદ્ધા અને શરણાગતિને લીધે જ!

આપણે એટલું જ કરીશું-

||શરણાગત પ્રિય સાઈરામા |

||શરણં શરણં સાઈરામા ||

|| ॐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||